તમો પરમેશ્વર પંથ તમો ઇશ્વ પરમેશ્વરી, તમો બ્રાહ્મણી બ્રહ્મ; અડસઠ તીરથથી અધિક તમો, જેમ રાજાનો ધરમ. વાર લાગેછે વાતમાં, વખાણ કરતે વરત;આળ પંપાળ ઉઠે નહી, જે કોઇ પામ્યા મરત. જો કંથ ન જીવે માહરો,જીહ્વ કાઇનખાઉં; તાબોટા પડશે લોકમાં, તરણાથી હળવી થાઉં;પુરણ પાપ તારા માળ્યા,હેહે કરશે હાથ; સીધ પણું વેહેતુ જશે, જે બોલ્યામુજ સાથ, કહેશે તુજને ઠગણિ, કો કહેશે ઘુતાર; કંહેશે પાખંડી પાપણી, કહેશે જુઠાબાર. ડાહ્યા જે નરનારીઓ બોલે નહી ઝાઝા બોલ; ફંદ ચલાવે દેશમાં, તેનુ ઊતરશે તોલ. કઠણ વચન કહ્યાં કામની, ફરે ધરીને રીસ; હશી હેત ઝાઝે કરી, કર આડાડીઓ શીશ. ફટ ફટરે સતી તુને, જુઠી જાત કહેવાય; વચન બાંધ્યા જે સીદ્ધનાં,તે કેમ તીથ્યા થાય.મત્ર ભણ્યો મહાદેવનો; ઢાંકયું અંબર નીર; ગંગાજળ સબ ઉપરે, તેહશું છાંટયું નીર. બઆસાં ખધાં બે વરાં, પતીએ પરઠી પુંઠ; જેજે કારજ જશહુઓ, આળસ મોડીઉઠ, કઉતક દીઠું કારમું, જોઇ અલોકીક જામ;પુરપતિ આદે પ્રજા સહુ;પ્રીતે પ્રણમ્યા પાગ. સાબાશ સાબાશ સહુકો કહે, પુરમાં વાધ્યો પ્રતાપ, કરયા મુવાને જીવતા, એકો ઇશ્વરિ આપસ્વામી જીવ્યો સતી તણો, ફરી થયો અવાતર; મંદિર આવ્યો મલપતો ક્ષણું ન લાગી વાર.મોતિએ વધાવી માનની;ચોખા કુમકુમ લીધ;અંજગદંબા જોગણી, શકતરૂપ એ સીધ, તેહ કંથને કામની, બોલી વચન છત છાપ;કઠણવચન જે મેં કહ્યું, તે માતા કરજો માફ; હું અપરાધિ અલ્પ બુધ, રામા જાતે રાંક;ઓળખ્યાં નહિ મેં અંબીકા, ક્ષમા કરજો મુજ વાંક. ધરના ભુઆ વરના ધણી; ધરનુ મરતંબ હોય; ધરના સીદ્ધ વરની સતી, કળી શકયું નહી કોય, માનત ચાલી માનની, રામામાં બહુ રીદ્ધ, અખીલ રૂપ કોઇ ઇશ્વરી, સાચી શકત એ સીદ્ધ વિક્રમા જીત વશુધા પતી, રાજસ રૂડો રંગ; જોગનિના પુન્ય આગળે,તે ના આવે પાસંગ દરશન તે દેવી તણું. સહુ કરી ચાલ્યા ઘેર; વિકરમચરીત્ર વરણાગીયો, તેની શી થઇ પેર; જોગણુ કો શું બોલે નહી, ન કરે કોઇને સાન; પ્રીતિ ના મળે કો તણી, કથન સુણે નહી કાન. કીરતી ચાલી કોટીધા એ ઇશ્વર અવતાર, વિક્રમ ચરીત્ર વીચારયે, દેવિએ દાતાર, હું જાચુ જગદંબને. તન મન ધન કહે તે દેઉં; સજીવન વિદ્યાએ સીધની, મન માગીને લેઉ. સજીવન વિદ્યા સરજી નથી, બ્રહ્મા વિષ્ણુ કેઈ ઇશ; એમાં એ વિદ્યા વશી,એ જગદંબા જગદીશ. ચસ્કો લાગ્યો ચીતમાં,પ્રણમુએના પાગ; મરત સજીવન વિદ્યા તણે; સરે મુને એથી જામ રૂડો રઢીયાળો રાજવી, ગુણવંતો ગંભીર;શુરપુર શામરથ સીર, ધનુર વીદ્યાનો ધિર.પુત્ર વડેરો પાટનો, વીકરમ ચરિત્ર નીજ નામ; જેને નામે ડુંડી ફરે, ગુણ ઊજેણી ગામ. શ્રીચરીત્ર જેણે કરાવીયાં, અકળીત જે ન કળાય; ફરેરાણુ ઊજેણુમાં, જશ રૂડાજન ગાય. તે પુરૂષ પ્રભાતે પરવરયો, પુરણ મનમાં પ્રસન; દશ પ્રકારના દંડવત કરયા, કરયું દેવીનું

દરશન, કનક પુષ્પે વધાવીયું,મોતી મોંઘાં મુલ; સ્તુતી કીધી સહસ્રધા, અધીક હેત અતુલ્ય; એક પગે ઉભો રહયો, જપમાળા ગ્રહી હાથ; એકા એકી એકલો, શેવક નહી કો સાથ, ઘડીએ ઘડીએ પળે પળે, કરે દંડવત દસવીસ; એક પગે ઉભો રહી, ચરણ અફાડે શીશ. અન્ન પાણી નિદ્રા તજી; રહયો ઉભો અહરનીશ; વારંવાર વખાણ કરે, ધરમ ધોરંધર ધીશ; પ્રસન્ન થઇ તે પ્રેમદા જોતામાં આવી જાગ; પરમે શ્વરી પ્રસન્ન થયાં,મન ગમે તે માગ,આપો વચન અંબાકા,તોતો બોલું તમ સાથ; દેશપતીનો દિકરો, હેતે જોડું હાથ,વદન પંકજ હસાવીયું. જેહ ગમે તો માગ;જીવ સહીત આપુ તુને, અહી શી બીજી જાગ. કનક કરતાં શીખવું, પરહું પાસ પ્રમાણ; કહેતો કરશો શીખવું, જો મન રૂડું જાણ કહેતો આસન ઇંદ્રનું; કહો તેવો અધીકાર; કોહો તો તાજમ તુરી શીખવુ,અલખત અપરમ પાર; ખાણુ રચુ ઘેર રીધની, આપુ અલખત અતોલ, અમરત ચોઘડીયું આ ઘડી બુદ્ધ વીચારી બોલ. પણ અરથ સરશે નહિ, મળે નહી, એક મેળ, પ્રસન છું હું આ ઘડી, ખરો સીદ્ધનો ખેલ. વાયુ રૂપ છે જીવડો, ઘડી એકમાં ઘોળાય. વીચાર સરવે વાયે જશે, રિદ્ધ સરવે રોળાય; અધીપત બોલ ઉતાવળે,એ સરત વેળાએ અધા જે માગે તે આપશું, સીધ કહે તે સધ.

ચોપાઇ—કરૂણા વચન સાંભળીયાં કરણ, ચતુર પુરૂષ લાગ્યો જઇ ચરણ, તમો દાતાર છો શુભ સાથ. હેતે હુ જોડુ છું હાથ,તમોરે દુરગા જાણીયાં, પ્રાક્રર સરવે પ્રમાણીયા;તમોછો ઇશ્વરનો અવતાર, હું માગુ તમો દાતાર વીક્રરમાજીત તે માહરો તાત,વખાણ માંહિ વડેરીવાત,પરદુશભંજન મારૂ નામ;જાણે સહુ નવખંડે ગામ.શક વર્ત્યો પંડીતે પત્ર, પંચદંડ શીલ ધરાવ્યાં છત્ર; અહુરણો અવની કરિ, નીરધનને ઘેર રીધી ભારી.નર મોટાનાં નમાવ્યાં નિર વિકટ દહિત જીત્યા મહા વિર; દેખી ધાટ દુશમનના ધડયા, નોધારાની વારે ચડયા હુ વખાણ કરૂ મુખ ઘણું,પાણી વધારણ પરીયાં તણું; ચોખુટે કહેવાણો ચંદ્ર, અલખત જોઇ લજાવ્યો ઇંદ્ર,તેહ તણો મહારે પ્રતાપ,અલખત ઘણી ભંડારે આપ;જે તણી કહિ ઉપમા કરી; સરત્ર કમાઇએ તા તજ તણી, તેનો હું ભોમધારી ધણી, ડાહયા છો તો સુણુએ તમો,કપુત એના કુળ માં અમો; પીતા રળેને પુત્રજ ખાય, તેનું નામ કપુત કહેવાય.

છપ્પો—પીતા થકી ઓળખાય. તેહ ભલું નહીં ભુંડું; સસરા સહાય તેહ બુદ્ધિ નું ભુંડ, મુસાળ થકી મરજાદ. તેહ મુવાવત માઠું; સ્ત્રી નામે સમરથ, તો કુળ તેનું આંઠું. સવઇ નામ સપુતના, જે પોતાના પુન્ય પરાકરમ કહે સપુત સલક્ષણા, જે દીગતર રાત ઉધરે. ચોપાઇ—વિક્રમાજીતથી સવાયો થાઉ, સપુતકુળ માંહે કહેવાઉ; એવી હીંમત હું શ માહરી, પછે તો આજ્ઞા તાહરી. મરૂ વચન તમે શીર પર ધરો, મુજ સપુત સવાયો કરો;શક્તિ કહે તુજને શાબાશ.પ્રીતે કરી બેસાડયો પાસ,સવાઇ

નામ તારૂં કેઇ થશે,તારૂં દુખ કેપ પેરે જશે તે ઉપાય બતાવું તુને. તે વાસ્તે કરી આપુ તેને, વીક્રમશેનથી વધતો થાય, નથી જનમ્યો કોઇની માય; નથી મુખઉપર કોઇને મુછ, ઇંદ્રિ પદવી એથી નહી ઉચ નથી સરજ્યો બ્રખાંડત્રષ્ટમાં, નથી જનમ્યો કોઇ આ શ્રષ્ટમાં, કરોડ વાર શું કહું કથી, એ સરખો સતવાદીનથી. મરણીસજીવન કરયાં એ કામ, એ વિદ્યાવંતના નામ; એ વિદ્યા તે ઇશ્વરને આપ, તેહ પુરા લે તે છંત છાપ. એ વિદ્યા તેતો કીરતાર, બ્રહ્મા વિરનુ થકે બહુ ભાર; એ વિદ્યા તે મુજ નેવાઇ, તે સપુતમાં થાઉ સવાઇ. જે મુજને વિદ્યા મળે, તે તો વચનતમારૂ પળે;સપુત માંહ સવાયો થાઉ,તો તો ગુણ તમારા ગાઉ. તે સીધ્ધને વીમાશણ પડી, અણ બોલી રહે એક ઘડી; તેં માગ્યું મોટ વરદાન, ના આપુ તો ઘટે મુજ માન. વચનજ તેવા જીવજ જાય, ત્રણ લોક તો પ્રલે થાય,તારે ચીત તો એવું ચડયું,મારે તો મહા સંકટ પડયું. એ વાતે તો અનરથ થશે, વિદ્યા ન આપું વચનજ જશે;વચન જાય તો જાએ પ્રાણ, એવી વનીતા બોલી વાણ;વચન જતે તો જાએ દ્રષ્ટ, સંહાર થાય એ બધી શ્રષ્ટ.

દોહરો—વીક્રમ સુત વાણી વદે, સાંભળ સાચી શક્ત; જે અપાય તો આપજે, જશ જાપે બધો જકત. ન અપાય તો ના કહો, શીએ વાતે શરમ; કામ દુરગાકલ્પ વ્રક્ષ છે, ફરે અમારૂ કરમ.જેગણ કહે જશવંત સુણો, વચન મારૂં શીર થાપ; જેમ વચન લીધું તમે, તેમ તાહરૂં મને આપ. તમે કહ્યું એક મારૂં કરો, મેં સોંપી તુજને દેહ; વાત કહું.વપુ તણી, તમને માંડી તેહ. વચન લીધું રાયનું, મન મેહેલું નીજ માન; એકાંત તેડી આસન તેડી આસન કરૂં, ત્યાહો મહેલું તાન- શક્તી સીધ દેવ રૂપ તુજને કરૂં, પ્રણમુ રૂડી પેર; વિદ્યા સરવ સુપું તુને, ધરૂણી થઇ રહુ ઘેર,વજર કછોટો છોડવો, ભોગવવો એ ભરથાર; પુરૂષ ધરશો સોંપવો, અલબત અપર મપાર મંત્ર આપવો, મહાદેવની પ્રીતે રહેવું પાસ; દંડવત દેવું દેહને, સુત ખરીદિ દાસ, દેવ કોટી થાઉ માનવી સ્ત્રીથાઉ કોટી સીખે કીમીઓ ફરસો અગમ નીગમ, સોંપવી સરવે રીધ, લોભ સમુદ્રમાં નાંખીયો,પામે તે કેમ પાર; જાળમાં પાડશો પુરૂષને અમરમપાર અપાર. પાપ નથી આ વાતમાં,દેત નહી દે તુને દોષ; જીવતમુક્તી ભોગવો,મુએ તો મુક્તિ મોક્ષ સપુત સવાયા ઠરશો, ત્રણ લોક માહિ તસ્ત; સજીવન થાશે સરવકો, માતવીં પામશે મનત; ઉઠમણ રતન અહીં લાવજે, જેહ અમુલખ જાત, પરઠયું પહેલું લેઇને, આવજે માજમ રાત ચાલીશું રતહતો ચોતરો, વણી વાત એ ગુજ; તનમન સમરયું તુજને, સીવ તણીજ પરણીશું તને પ્રીતથી નિમેખ નહી નીંદાય: પછે ફરસોને કીમીંયા, શીખે સજીવને વિદ્યાય; સત્યએ ત્રિલોકનું, મરણ સજીવન મીત્ર; ઇશ્વર સમતુલ્ય તમો થશો, તોલ ઘણેથી તંત્ર. વીક્રમાજીતથી સતઘણું થાશે તારૂં નામ; જેહ જાચી છે મુજને, કરૂં હું તારૂં કામ સર—

જ્યો લાત સરવ ઓધની, પ્રીછયો સઘળી પેર, વચન પરસ્પર પરઠિયાં, ગુણવંત આવ્યે ઘેર- વીચારી વાત વપુ વીષે, કરવું છે મોટું કાજ, સ્ત્રી ચરીત્ર રમાડશે, તો જાશે મારી લાજ. કહેવાય નહી કોઇ આગળે, પુછાય નહી કોઇ વાત; મોઢબાણે મારીયો, ભલી ભજાવી ભાત. લોભ સમુદ્રમાં બુડીયો, ન રહ્યું જ્ઞાનને ગુજ;લાખ વસા દીવાને થયો, સમજ્યો નહી એકે સુજ. છપ્પો—ગરનો જાય વીદેશ, ગરજેશીર ભાર ઉપાડગરજે વાજાં વાય ગરજે તરૂવર વાઢે; ગરજે ગુણ ગવાય ગરજ થકીધન સીરિ;ગરજ કરોડો માલ,નાંખે જઇ ઉંડેનીરે. ગરજે પામરને પીતા કહે,ગરજ મોલાને ગ્ળોઆગળી; શામળભટ સાચુ કહે, ગરજ સાકરથી છે ગળી,

ચોપાઇ—ગરજવંત ઘેલો જાણવો, ડાહાપણ તેનો નવ આણવો; ગરજ સામા ગુણને ગોખ, ગરજ વણસાડે સુખને શોખ.ભુપત કેરા જે ભંડાર, અસુલખ રત્ન અપરમપાર; વીકરમ રાયના ઘરની રીધ, હીરા માણેક મોતી વિધવિધ. એકત્રીસ લક્ષ ટકાનું એક, વરણુંમાં શું કરૂં વિવેક; એવાં નંગ પુરાં નવ કરોડ અસુલખ જુગમાં નહી કો જોડ, શોભાવત સઘળા તે મણી, મહાલક્ષમીથી સમરથ ધણી સ્ત્રી ચરીત્ર સમજ્યો નહી પેર, કાલ આવગે પાછું મુજ ઘેર, કીમીઓ સોવરણનો કરશો હશે,એવાં નંગ કરોડો થશે, લોભ સમુદ્ર વીચ બુડયો જેહ;ફરી ન આવ્યોઉંચો તેહ. દોહરા—માયા કેરૂં માટલું, કયમે પુરૂં નવ થાય; જેમ જેમ માંહે ઉમેરીએ તેમ તેમ હેઠું જાય. લોભ ગરજ લેહેર સમુદ્રની, કરયા કીરતારે કુપ; પુરૂં કોનું નાવ થયું, કાં ભીક્ષુક કાં ભુપ. છપ્પો—એકજ જોહે દામ તેહીસે હસદામું, સત સહસ્ત્રીલક્ષ લાખ, હોય તો વો ન વાસુ; તેહીસે મન કરોડ ઓગુમ કે અબજ આપે, વળતુ ઇંદ્ર સન, કઇલાસ જીત મન કાવે; નોતું તે નવ સાંભરે; ત્રસ્ના પુરી નહી કો તણી;શામળ કહે સંતોષ ધરે, સુખસાગર સમરથ ધણી,

ચોપાઈ—જાણ્યું કેમ કરતાં આવડે. રતન વણાવેચાથી જડે; મનની તો સરીસ આવશે,કાલ પાછુ સરવે લાવશે, બાંધી ગાંઠડા આવ્યો તે હીરા, સાડાત્રણ મણભાર લીધો શીશ છપ્પો—લોભે સહુકો લજા, શાહુકાર કાહાલે લુંટ; લોભે દાહ્યા દેહ દંડ લોભે કરાવે ગાપ, શ્રાપ લોભે લે માથે લોભે રૂપવંતી કામ; વણશે કોનિચનિ સાથે લોભ સહિથી નિચ છે. લોભે લજયા ઘટ ઘણી; લોભ પાપનું મુળ છે, લોભે ખાણ નરક તણી.

ચોપાઇ—રાજા લઇ આવ્યો છે રીધ, જ્યાં બેઠાંશક્તી સાચાં સીધ; મતક્ષપારખુ દીઠું છે ભુપ; ભ્રાંતે ભોળવાણો રાજસ્વરૂપ એકાંત આશન દેરામાં હોવ, કળીશકે નહી બીજો કોય થયો ચોતરો શોભીન સાર, ઉપર બેઠાં નરને નાર વરમાળ આરો ચી ઝાલ્યો હાથ, તન મન સોંપુ તે સાથ; કરી પ્રતિજ્ઞા આણી વહાલ, આ ઘર ને તમારો માલતું શિરોમણ શામણું નારી નારી નિજ નામ; અરધાંગના તારીશામ

રંચ; સ્વામી શાથ કીધો ત્યાં શંગ. વચમાં તો ઇશ્વર આણીઓ, માલ શમેત પરઠયો પ્રાણીઓ દીવસહતો તે વેળા જાગ મળ્યો છે છતો રતુદાન પામી રંગરતી,શારી પેરે શંતોષો પતી; રહી રાત પુઠળ એક પહોર, ઠરાવ કરી બોલી તે ઠોર, ઘેરજાઓ રૂડા રાજન, આવજોચાર ઘડી ચડતેદન, કંચન કરવું સજીવન મંત્રશીખાવું સ્વામી તમને તંત્ર. પારસ કરસો પારો મારવો. ધન અખુટ ધરમ ધારવો ભ્રાંત આપણે કરવી કશી, તારી વપુ મારે મન વશી વીધા સર્વસુંપું માહરી, હું દાસીરાણી તાહરિ; તારી સ્ત્રી તારે ઘેર રહું;મંત્રમોટમ મહા વિદ્યાકહું, તેં ટાળી મુજનેજો હાંશ; તારી મહીપત આવ્યો જેટલે, તંબુપાડી નાંખ્યો તેટલે; કીધું કરગયિ; તેં ભાવે કીધી ભોગણિ; વીક્રમ સુત બોલ્યો હુલાસ. હેત ઘણેથી કીધું ત્રીમ પુરણ પેર, ગુણવંતી આવી નીજ ઘેર ચેલો ચેલા કીંકર નહીકોય, ઠાલો માલો ઠામજ હોય, વેશ કહાડયો તો તે રમાડીયો. ભુપતસુતને ભદ્ધાડીયો, વહાણું વાયુ ઉડયા લોક. સાધુ જન પામ્યા છે શોક; ચાલી નગર ઉજેણિ વાત, પો ફાટયો થયો પ્રભાત, એ માતા અલોપજ થયાં ગુણવંતા ગેહેવરમાં ગયાં; મરણ સજીવન વીદ્યા કરી, તે કેમ રહે આ ઠામેકરિ રાજસભામાં બેઠા રાજન, પાસે વીક્રમ ચરીત્ર હુતો તન, શેવકે આવી કહ્યું ત્યાં સત્ય મહારાજ સુણો મોટા મહીપત.જોગણી જે નગરમાં ઉતરયાં, તેણે મુવાં સજીવન કરયાં, આજ રાતમાં થયા અલોપ, કોણ જાણે પ્રસન કે કોપ.

દોહરા—વાત સુણી વીક્રમ કહે, એ જોગણિકો ઉગ્ર; પ્રકાશ પુન્ય પ્રાક્રમથયું એનો વીપરીત ભોગ. એ કોઇ ઇશ્વર ઇશ્વરી, આદ્ય નીરંજન એહ, દેવલોક કેમ રહી શકે, અવનિ ઉપર તેહ. વીક્રમ ચરીત્ર સાંભળ્યું, જોગણી ગઇજરૂર જોતામા ઝાંખોથયો, ગયું નરપતનું નુર. ચતુરાઇ એ ચતુર તણી, ચડી ગયું ગુણ ગાત્ર, ઉઠયો અતી ઉમેદથી, ધારીખુમ રજ માત્ર, છડી અસવારી આવીયો, સુની દીઠી તે ધરણ. બુધ્ધ હીણ થયો બાળકો, જેમ રણમાં સંઝાહરણ; જોગણી, થઇ એ ભોગણી, લઇ ગઇ મોરોમાલ, જોગીનો મુજને કરયો, હોડે એહ હવાલ; અરે ઇશ્વર હું શું કરૂં,ક્યાંરહુ ને ક્યાં જાય જુવતીનો પગ કહાડુ ક્યાંહાં, એ રૂપ ક્યાં સમાઉ. ધીક ડાહાપણ ધિક ચાતુરી, ધીક અકલ અનુપ ધીકાર નામ નરેંદ્ર નર, ધીક્કાર હું ભારે ભુપ. ધીક્કાર આણુ આધારના, ધીક્કાર પુરૂપના પુર, ધીકાર અરકની મુછને, નારીએ ઉતારયું નુર ધીક્કાર કામએ કલ્પના, ધીક્કાર લક્ષણ એ લોભ; ધીક્કાર બળબુદ્ધિ પ્રાક્રમ, તેનર પામ્યો મોક્ષ. ધીક્કાર દશ આરાધના, ધીક્કાર ન્રૂપત નિજ નામ; ધીક્કાર સુજ વિવેકનર ધીકાર ડહાપણ કુળ કામ. ધન કામનીની કંચુકીને, એણીએ બાંધી માહરી બુધને; શાબા તુજને શાબાશ, જીત્યો જુવતીએ જોરથી, એણીએબાંધી પાશ; કંચુકી પેહેરાવી મુજને, દીધો રૂદેમાં દાવ. ચુકવ્યો ચતુરાએ ચતુર નર લીધોહરીને દ્રવ્ય, ક્યાથી આવી ક્યાં ગઇ, મોહ પમાડયોસરવ. મહાહરિત્રમારયો મહપતો,લુ-

રચ્યો માયરો ભંડાર; શીયાળ કરિ ગઇ સીંહને, ભુપતનો ખોયો ભાર; રાંડકરી ગઇ રાયને, રાય થઇ આ રાંડ; છત્રપતને છેતરીગઇ, દઇવ તણો એ દંડ. દરવાજાપોળને બારીયો, હિયા રહીશ દેશ; અંતરીક્ષ કયાં ઉંડી ગઇ પંથ કરયો પ્રવેશ. દેશમાં ઢુંડી ફેરવી, ગરથ કરીને ઘાટ; સ્ત્રીચરીત્રને ચીરી નાંખીયું, વેદ ઉઘાડોવાટ. હંકાર ઇશ્વરને નવ ગમ્યો, કહો વાણી વીક્રમ ચરીત્ર, જગદંબ જોગણી થઇ છેતર્યા, પ્રોઢુ પાત્ર પવિત્ર, માનવી મુંજને કોણ છેતરે, અપર પારાપાર; નાદ ઉતરયો માહરો; એક રાણી કીરતાર. હાથી મારયો હઠીલીઓ. સમે મારયો સીંહ સાર, ઉંદરે બચો અહી મળ્યો, ક્ષણુ ન લાગીવાર. નારી નાગજ નાથીઓ, વાઘ વિડાહોવેદ, શેષ નાગ જીત્યો અળસીએ, ભામનીનાં બહુ ભેદ, સમરથ રાજ દરબારની, વીક્રમજીતની મત્ય, ગ્રહણ કરયું ગડી એકમાં. કામનીએ કીધું કૃત્ય, જન્મારો રહીને મુઓ. કીધાં ધરમ અધરમ; જુવતી જુતી મારા લઇ ગઇ, કામનીએ કીધું કરમ. જવાબ સો દેઇશું જનકને. શો કરવો ઉપાય; એક વાત ન ઉકલે, આકુળ વ્યાકુળ થાય. કરોડ વરાં કપુત હું, લક્ષવરાં હું ગંડ. ચુકયો સત હું ચીતથી, પીત્રી કેમલેશે પીંડ. ખાન પાન નીંદ્રા તજી, ભટકયો હીંડે ભુપ, સાલ ઘા બહુ સંચરો, રામા કેરું રૂપ પગલાં કઢાવ્યાં પંથમાં, હલકારો દોહ દેશ; અથ ડામણ અદકી કરી, પુર બાંધે પ્રવેશજાણુ જોશી સીધ જોગીઆં, ભુઆ ગણીકાબહુ મળે, લેઇ ચરખા લક્ષ ગમે, ખાતર ઉપર દીવેલ આશા મુકી અધિપતી, હેતેખ ખેરયો હાથ; કલોલ કરે તે કામનિ, સજનસહોદર સાથ. શળંગમાં સામીસંચરે. દે હુંકારો આશ; એમ કરતાં આણંદમાં, વિત્યા છે દશ માસ. પુત્ર પ્રસવ્યો તે પ્રેમદા, ધરમ ધરંધોર ધીર. જાણે અવતારીક ઇંદ્રનો જાણે વીક્રમ વિર. ભુએમી ભલી ભામની, બહુ પ્રાક્રમીનું બીજ ઉગ્યોછોડ ઇંદ્ર અંશનો, રામા પામી રીજ, અતળીબળ થશે ઇંદ્ર મુખે. બક્ષીસ લક્ષણુ એબુધ્ધ્ય ઉદ વિદ્યા ચોસઠ કળા, શાસ્ત્ર શકળની શુધ અબદઅરભક એહનો, થયોપરાક્રમ પર, બે ચરીત્રે કરયા બાળકા, ગુણવંતી નીજઘેર પુત્ર બેઉજે પ્રાક્રમી સળંગમાં શોભા સંગ; પરવરી પુત્રને લેઇરે. રાજશ રૂડે રંગ. કહયું પીતાને પ્રેમદા કહું તે કરો એક કામ; સળંગ પુરાવો જુગતે કરી, નેક જડે નહી નામ. ભુમીમાં ભુમીમળે કળી ન શકે કોય, દ્રવ્યથી સરવે નીપજે, અધીક એમાં શું હોય. કહયું પુત્રીએ તેમ કરયું, એક રતી અપાર; દાદામ મેજેનિપજે, તેને શાની વાર, પુત્ર પોરાડયો પારણે, હરણે હાલો ગયા; બહાર થકી સહુ સાંભરે, અચરત અદકુ થાય. દાશી ડાહી એક આવીયાં રાતબ આપવાને અરથ; જે જોઇએ તે માગજો, સસરોછેસમરથ ખાવા પીવા ખેલવા, રામ રંગ રમત; માગી લેજો માનની; જુવતીએ નહી જુગત.

ચોપાઇ—રાણીજી બોલ્યા આણી રીશ, રાજાને તો નમાવ્યું શીશ; એશું આપશે રાજા રાંક, અલખ છે મારે આડે આંક, જાઓ તમે રાજાને કહો, સુખે મેહેલમાં

બેસી રહો; જે ન હોય તમારે જાગ. તે સુખે મારી પાસે માગ, દેશ બધે દુખભંજન તમો, તમારા દુખભંજન તે અમો; તમો તો આપો મુજને અરથ, હું તો અપુંજેનેર હોય અરથ કાવું છું તેવું નવકહો આપ, તો પાંચ હત્યાનું તુજને પાપ; એમકહીને હાલો ગાય, દાશીને મન અચરત થાય;તથી ચાલી દાહિ દાસ, પલક એકમાં પુર-પતને પાસ. કરજોડીને ઉભી રહી, વાત માંડીને સરવે કહી;તમને જે ગમે તે માગ હાલો ગાયે જુવતીએ જાગ. ચટકો લાગ્યો રાજાને ચેત,ને વેળા પરવરિયો પંથકરમ ધોરંધર શાહસ ધીર,મહારાજ રાજ ધીર વીકરમ વડવીર,આવ્યો તે જેતો જાણીયું માન સાથ ભુપત ભાળીયુ; હરખ હેતથી હાલોગાય.અધિપતીને મન અચરતથાય.

દોહરા–કામની સાંભળ જે કુળ વધુ. સતિ શિરામણ શાણ; તું બોલી તે કર્યાં ગતું, વચન પળ્યું નહી વાણ હાલો ગાયે, હલવા પેટે, ઢીંગલા સાથે ધ્યાન;સમણા માંહે સુખ નહી, ગાંડા ગાઓ છો ગાન. તરૂણિ સાથે કહાવ્યું તમો માગોતો આપું આજ; તે કહેતામાં કામની, લેશ ધરી નહી લાજ, કાળાગ્રહ કામની રહો, અધીક એકાએક આપ, આવદા સુધી ભોગરો. પોતાનાં પોતે પાપ. વિક્રમ ચરિતર ઉવે-ખીયું વખાણ્યું સ્ત્રી ચરિતર; તેતો તમે પાવો નહી; પુછુ પ્રસ્ન પવિત્ર બીજીવાર બોલો તમો, ડહાપણનું નહી કામ; જુઠા જુઠા સઉ કો કહે,શુણ ઉજેણિ ગામલોળી વાત લબાડની. બોલ બહેકયા બોલ, માને કેમ મહોટમ મહીપતી, ઉતરે મારૂં તોલ ભીડભંજન દાતા તમો, તમો નરપત હું નાર;અકળાઉ છું અતિ ઘણિ, કાઢો માં-હેથી બહાર; તારાં માત તાતને તેડીએ કુટુંબકબીલા સહીત;પંચપ્રમાણીક પંડિત રાણા રાયની રીત. બહુ જન દેખતે બોલો તમો; જેમ સાંભળે માતને તાત, જખ-મારી કહો લક્ષવરી, વધતી બોલ્યાં નાત; વિકરમ ચરીતર વડું કહો, નગર ફેરવા-વો આણ; સ્ત્રી ચરીતર વખાણશે તેતો પરઠે પ્રાણ. તમો કહ્યુ પેલી દાશીને, જા-ણીઆ દેરી જાગ, હું આપું વિકરમરાયને,મનગમે તે માગ તું શું આપીશ તારૂણી પામજાતતુ રાંક. એકવાર બહુ ગુનો વડે પડયો જે વાંક; શીદ મરે છે ભુખે દુખે, શીદ ખુવેછે વાત. હારિ હારિ તુ સુહે. સઉકો સાંભળે કાન, નારી કહે મુણ નરપતિ છત્રપતી માંહે છાપ. દાતા સાપે દાવો કરયો, પુરણ મારાં પાપ, ઓવાર બોલ પળ્યો નથી, ગયું વચન વિવેક. છે વાદી ઓછી અકલ, નારતણો શો નેક. દુખ પામું છું દેહમાં કાળાગ્રહમાં કુંડ નરી ચરીતરતો નંદીઓ, પ્રાક્રમ જેમાં પ્રૌઢ નગરતણી સૌ નારિઓ દે તેમુજને ગાળ. માત તાત લાજે માહરાં,એ શું બોલ્યા આળકુટ કુટ સઉ મુજને કહે, ફજેત થઇ હું ફોક; વીકરમાજીત જતીઆ, લક્ષધા વખાણે લોક. વેદ શાસ્ત્રમાં વરણવ્યાં, સ્ત્રીચરીતર લખવાર,તે વીકરમ ચરીતર વખાણતે ભુપત ખોશો ભાર કેડો લેવો તમને નવ ઘડે, મહિપત વિચારો મન, સ્ત્રીચરિતર ચિત્ર દેખાડશું;

તો નહિ રહે તુજ ધરમ. વેદ શાસ્ત્ર પુરાણમાં લખ્યા ખોટા કેમ થાયે; તેહ રમત રમાડશુ, તો હળવા પડશો રાય, છાની માની કહાડે મુને, કીરતી નહિ જાણે કોય. તરણાથી હળવા થશો, હરખે હાણુજ હોય, એક હું હરી તો શું થયુ; કંચુકી પહેરી કાયા અજીત કહાવો છો અવની વિખે,પાણિ આપનું જાય; નરેદ્ર જીત્યા નવખંડના જીત્યા પંચખંડનાં છત્ર.એક રાજ અવનિ કરિ પંડિત લખ્યાં જે પત્ર. જીત્યા દઈત દશ કોટીધા પરમારથનાં કામ; પાણી ખોશો પલકમાં,એ લેશો માહરૂ નામ. નહિતર દાસી તાહરી, દાશ ખરિદી મુલ; હોડ કરશો તો હરશો, કોડી ના નાખીશ ફુલ, જીત્યો વિર વઇતાલને; હરશીય માત હજુર; તે ગુણ સરવ ગમાવશો નારી ઉતારશે નુર જોતરયું પાણી નહિ ચડે. વધુ વિચારો વાત;દેશદેશાવર ચાલશે ખોટી તમારી ખ્યાત.પ્રેમદાનુ પાણી જશે, તેનો નહિ ઊચાટ; વિકરમ ચરીત્ર વખાણીયું, વેદ ઊકટી વાટ. તમ પુત્ર ને માહરો ધણી. તમે સસરા મહારા મુલ્ય, તે દુખ તમને થશે, કોકટ થય તમ કુલ.સસરાને સતવાદીઓ. પૃથ્વિપત પ્રતાપ; તેથી ધરે મન હારવું,વેદ પુરાણ છાપ હું હારિ તો શું થયુ, નારીમાં શી રિત, ઇશ્વર પાસ માગુ અમો, રાય તમારી જીત.

ચોપાઇ—તે માટે મને કહાડો બહાર. તારી જીતને મારી હાર; જીત્યા તમો તે જીત્યા અમો, તમે હારયા તે હારયા અમો, તમે નરેંદને હુતો નાર: ભુપન જાણી રાખુ છુ ભાર.પછી વિમાસસો કે મારશો, લક્ષવસો હોડે હારશો, વાંક વળતો કહાડશો તો ટોક,હરસેનવ તેરિના લોક એમ કહિને નારી નમે,કરો રાય જે તમને ગમે લક્ષ કોડે વસા હારશો મુરખ થશો તો મુજને મારશો.

દોહરા—કહે વીકરમ વહુજી સુણો, ઊપર આણો છો બોલ. કામનિ જોર હોયતો તો કરો, તરત ઉતારૂં તોલ, સતી કહે સસરા સુણો કયમ માને તારૂં મન. ડાહિ કહો તમે દલ થકી, કેમ કહે ધન ધન. જીતતી જીતી તે કેમ કહો, હારયા વિક્રમ કહો કેમ તે વાતે રાખો ઓરતો, તો તો માહરા સમ ઉણપ તમે રખે રાખતા. જે મન કેરિ હામ પ્રતક્ષ દેખાડું કામ; પાણી રાખું પરીયા તણું, સસરાનું રાખું સત્ય વધારૂ નામ વિક્રમ તણુ,પરહું એવી પત'નેહ વધારૂં નારીઓ, પુરૂષ વધારૂ પ્રીત ધરમ વધારૂં ધરતીએ, રાખુ એવી રિત વિક્રમ કહે વહુજી સુણો, સાચો અક્ષર સુત્ર.શ્રી ચરીત્રી સાચુ કહો પ્રસવે જો તું પુત્ર.વીક્રમ ચરીત્રના વીર્યનો સાખ સજન દે સર્વ તો હું તરૂણી તાહરો ગુણ વધારૂં ગર્વ વડા પુત્રના વીર્યને,પ્રેમદા તારે પેટ. દીવ્ય દેખાડે દીકરો, નરપત જેવો નેટ. જુઠા ગાઓછો હાલરડાં જુઠી રમો રમત તે સાચું દેખાડશો, તો પાણી રહેશે પત. જોર હોય તો તો કરો, જોહેડે હોય હામ.નહી તર તો હાયો કહો જેમ દેખે બધુ ગામ ગમે તો રહો સળંગમાં જ્યા સુધી આયુષ્ય

હોય; એવી ના બહાર કાઢયા તણી, વાત કરે નહી કોય. રાણી કહે રાજા સુણો, જે હીમત નહી કામ; બંધીખાને બાળક જેણે, કામનીનું કામ. કુળવંતી એવું કેમ કરે, સતીને મન એ શોક; કુળ બોળાયે આપણું, ફજેત થાઉં ફોક. હારી હારી હું લક્ષવાર, મેં ખોયું તેનું તોલ;કહાડો બહાર રાજા કરગરૂ,ગીરત ગયો મુજ બોલ. વાદ કરયો મેં તે વ્રથા,પ્રીતે જેહું પ્રાણ;કારગરી કરોડવરા કહું,નીચ વાત મન ન આણી.ભુપત કહે સુણ ભામની, ચીત વશી તુજ ચાલ; સળંગમાંથી શો વશા, તુજને કાઢશું કાલ.તેડશું તારા માબાપને,તેડશું પંડિત પ્રધાન; હારયા કહેસે તેટલે,માનની રહેશે માન. સુંદરીને શીખ દેઇને, ગુણવંત આવ્યો ઘેર; તન એકાંતે તેડીઓ,પુછી સઘળી પેર,સાચું બોલ સુલક્ષણા, સમ ખાઈ સતરવાર;સુંદરી ચાલી સળંગમાં, અતીશે રૂપ અપાર. નજર કરી હોય નાર પર, સળંગ સાંભળી હોય સ્વપ્ન; કોટી બ્રહ્મહત્યા તુને, સાચું કહે મુજ તન. નીચું જોઈ કુંવરે કહયું. દઢ કરી હોય ધીર; તો રાંક હું રાવળો; નયણે ભરયાં નીર. આજ્ઞા લોપુ જો તાતની, તે દીન પાડું દેહ; વિક્રમસુત વિપ્રીત કરે, તો કેમ વરશે મેહ. સ્ત્રી હત્યા તો સાત લક્ષ બ્રહ્મહત્યા કંઇ કરોડ;ઝાંખ્યું હોય જો જાળીએ, એવો મનતો મોડ. નીશા થઇ નરપત તણી, સાચી સુતની વાત; આનંદમાં નીશા ગઇ, પ્રીતે થયો પ્રભાત. વહુનો તાત વેહેવારીયો, સજન સાથ સમેત; મન દેઇ તેડયા મહીપતે, હરખ ઘણેથી હેત. તનયા કહે જે તમ તણી, કોડ સાંભળો કાન; સળંગમાંથી કહાડો સુંદરી. કહે તેમ રાખો માન, ધનરાજા એ તમને ઘડે,વનીતાનો બહુ વાંક; બાલી શું જાણે બાળકા, એહ રાવળી રાંક. કહાડો કુંવરી માહરી, કરો પરમારથ પ્રીત; શામા કહેશે સળંગથી. રામા કહેશે શી રીત. નાનું મોટું સહુ નગરનું, જોવા કારણ જાય; બહાર નીકળશે બાપડી,રીઝયા છે ઘણું રાય. નારીઓ કહે નરતું થયું,એ નારીએ ખોયું નીર; સ્ત્રી ચરીત્ર લજાવીયું, જીત્યા વિક્રમ વીર. ફટરે મુરખ માનની. બોલીતી શું બોલ;કુળ લજાવ્યું તાતનું,ત્રિયા ઉતારયું તોલ. બોલીતી તો પાળતી, તો બાઇ સાથે વાણ;નહીતર રહેતી સળંગમાં.કે તજતી નીજ પ્રાણ.મુઇ હોત વિખ ખાઇને કે કરી હોત આપઘાત;વનીતાનું પાણી વધત, જો તારો જીત જાત.માત તાત મોશાળીયાં,સગાં સહોદર સાથ;સળંગ સમીપ સહુ આવીયાં, નરપત સહિત નરનાથ. ગોખ માંહેથી ગોરડી.બોલે વચન વીવેક;હજારવાર હારયા અમો, નારીમાં શો નેક. સામદ સસરો માહરો,પૃથ્વીપત પ્રતાપ; અજીત જીત્યા એણે અધીપતી; અતી બળ એ આપ.નવખંડ કેરા નરપતી, છત્રપતી કંઈ કરોડ; અનમી મેવા શીવશ કરયા. હાંઠી જીત્યા હોડ. બરદ રાખ્યું પોતા તણું. નામ વધાર્યું નીર; પાળ્યાં લાડ પ્રજા તણાં, વઇતાળ જીત્યો વીર. ઈંદ્ર થકી ઉત્પન્ન હવો; જોયણુ જેવી જાત્ર; વિક્રમે વસુધાપત વશ કરયા, તો હું તે કોણ માત્ર.ભુંડી એની દશવરાં,દસ વાર દસ લા-

ત્ર; વખાણુ ખરીદી કુળ વધુ;શાસ્ત્ર પુરે શાખ.એ મરદ મુછાળા આગળે, કામની તે કોણ માત્ર;જેની બુદ્ધી પાનીયે, સઉથી ઓછું પાત્ર. મળી વણેરી માનની, જુઠી ભુંડીઓને જાર;મુરખ ઓછી મતની,ભામનીમાં શો ભાર. આળસ નીંદ્રા અતી ઘણી અમણો અધીક આહાર; લજ્યા ચતુરાને રોશ રૂદે કરે, નમ થઇ ને નહાય, મમત ન મુકે માનની, લોભ તણો ભંડાર; અકલ ઓછી ઓછી ખરી,નીશ કામ નીરધાર. મહારાજ રાજ રાજેશ્વર ઇશ્વર કેરો અંશ; એ આગળ કોણ માનની રાંક વણીકને વંશ,બાકી બીજા બાપડા, જર લોભી છે જન; નારી આગળ નીર્મલ્ય છે, મુરખ સઉના મન,મદનથી કો અવી પરે.સઉને રૂદે રતન.હોય રાંડો આગળ સઉ રાંડવા કળી ન શકે કોય.મુછ નહી એ પુછછે પાપ, નહિ એ વાઘ; મરદ નહી મડદાં સહુ, સિંહ વાનરને વાઘ. નરહારે સહુ નારથી, દ્રષ્ટ થઇને તરત; અજીત કહાવે છે કામની,વનીતા મોટું વરત. મોટાપણે એ માનની, અજીત નવ જીતાય;એમાંથી સહુ નીપજે, આમા સહુ સમાય, સુરાપુરા જે સાહસીક, અનમીનર અહંકાર; વાંકાને વરણાગીયા,ભામની આગળ શોભાર,પંડીત દંડીત મુડીયા ડાહ્યા ચતુર જેદીશ,એને ઉદરસહુ ઉપન્યા,ધર્મ ધોર ધરદીશ,ભુઆંગણીકને ગોરડી, વીદ્યાવાતનેવાસ;વેદવેદી આભેદીઆ,પ્રેમદા પેટથીઉપવાસ.વાઘ સાથેવાતો કરે,હસ્તીશું ધાલે હામ;કામનીઆ ગળ કીકરા.કામનીજીતણુ કામ,સમુદ્ર તરેસંક્ષેપમાં,અગ્ની હોલવે અલ્પ,જુવતીથઇ એ જીતાય નહી;શામાને મન સલ્પ;જીરવે ઝેર હળાહળે,નાગનેઘાલેનાથ.ઓરતનેમન અમુલ્ય છે,સોડે કોણ સામા સાથ;અધીક અવનીપર અધીપતી, જશવંતાની જોડ. પેશાબ વાટે સહુ પ્રસવીયા; તે સાથે શી હોડ, મોહોકમ માગતા ઘણા, ડાહ્યા દાતા ઉછર્યાતે ઓરતે,પયપાન કરવ્યા પીઠ;મોહોકમ પણુ એ મરદનું,ગુણવંત કહોતેઘેલ હાંકયો ઉથાડયો ધોઇઓ, શામાને મન શહેલ. મમત કરે તે મુર્ખ છે, ડાહાપણ કરે તે દીન; જીવાડયા સહુ જુવતીએ, જેમ જીતે જળતી મીન. માયાને વશ મેદની માયા વશ મહાદેવ; માયા વશ વીષ્ણુ વરંચી રસના કામીદક સેવ, માયા રૂપ છે માનની. જે વીરવા જન જાણુ; અવળાનું સવળું કરે, રામા રૂપની ખાણુ, કારણુ વિક્રમ બળી રાયજી, ફરશુરામ લક્ષમણને રામ; કામની કુખે અવતર્યા, સુરઅસુર શ્રીરામ. હરીચંદ્ર વઇદેહી વ્યાસજી, અરજુન દિલ્લીપ નીર જેહ; જુવતીથી નર નીપન્યા નાર.ધણાની દેહ, રામાએ જણ્યા સહુ રાજવી,કંથે જણ્યો નહી કોય; આ ખી વીશ્વ ઉભી કેહ જો કે દીઠો હોય. સ્ત્રી ચરીત્ર સહુથી વડુ માનની માથે મુલ; ત્રીગુણરૂપ તરયા ચકી, કોમટ શાની પુલ; પ્રેમદાએ સહુ પ્રસવીયા. ધાવનને એનું ધાન; ઉછેરયા સાએણીએ; તો એ આગળશા માન; પ્રેમદા જીતે પુરૂષથી, પોકારી કહે પુરાણુ,શક હું હારી તેણે શું થયું, મારૂં નામ અજાણુ. મુને ચરીતર એક ન આવડયું, મને નવ સુજીપેર; હું તો હારી લક્ષવરાં, જો પડી ગુણવંતને ઘેર કાહાડો

મહારાજ હું કરગરૂં મહીપતનું જોઉં મુખ; સસરાની સેવા કરૂં તો ભાગે માહારી ભુખ. બંદીખાનું બહુ દુખીયું, જમના જેવી જાગ;વાંક ગનો અક્ષરો મુને,હું પ્રણમું તાહારાં પાગ. જીભ કહે જખમારી અમો, મમત કરયો તે મુઢ; વાદ કરયો તે વીનાશીયાં પરાકરાંમતા પ્રાઢ અમ્રત વચન અદકા કહ્યાં, નમણુ કરીએ નાહ; સળંગ ઓઢાવી સેજમાં, બુધનીધ કાઢી બહાર,પાંચ વરસનો પુત્ર એક, એક વરસનો હોય, અચરત દીઠું અતીઘણું, કળી ન શકે કોય; જાણે ઈંદ્ર થકી અધીક,જાણે ચંદા સુર, જાણે ગણ નવ ગ્રહતણા. રાયથી સવાયુ નુર.રાજબીજ જશ રાજવી રાજતેજ રિધ રૂપ; સામુદ્રિક સોહામણો, ભાગ્યની કો ભુપ; ચઉદ વિધા ચોસઠ કળા; બત્રીસ લક્ષણ બુધ,અંબુજ દલશી આખડી,સઘળી શોભા શુધ, વિક્રમચરીત્ર જેવા વદન ઈંદ્ર જેવો આકાર, દેવ રૂપ દુનીયા જુવે, પ્રાક્રમ અપરંપાર, નગરસેઠને નરપતી પંડીતને પ્રધાન; ઉજેણુ નગર આદે અધીક,મહામુખ દેયણ માન, સાસુ સસરો સ્વામી સહીત, પીયર સાસરૂં નીરખે કઉતક કારમું, રામા કેરિ રીત, નીરખે આળામાં ચંદ્રમા. જેમ મુગતા શોભે નીર, નારી ખોળે નીરખીયાં બુધલંત બે વીર. મુક્તા ઝવેર મહીપતે તણાં, નવ કોટીનાં નંગ, તેનાં આભુષણ અતીઘણાં ઓપાવ્યાંછે અંગ કેટલાંક જડયાં છે પારણે, કેટલાંક જડયાં કંદોર; કેટલાંક ટોપી આગળે, મુસ્તક કસબી કોર. કેટલાંક ઝવેરકટી મેખળા, કેટલાંક શોભે સહસ્ત્ર,કેટલાંક મણ ઘેડી હદે, કેટલાંક વારૂ વસ્તર કેટલાંક ઘટાનેઘુવરે. શંખ ભમરડા કોલે ઝવેર તણાં છે ઝુમખાં અધિક તેજ અમુલ્યરૂડી થાળી રતનની, ભર્યાં શાહસ્ત્ર દસવીસ; વનીતાએ વધાવીયાં, સસરા કેરે શીશ નાહાલ કરયા નરનારીયો. નહાલ કર્યા લક્ષ લોક; વસુધા ઉપર વેરીયાં શાંત પમાડયો શોક. અસાડો મેહ જેમ અતી વરસે ઘણો વરસાદ,શુભ માણસ સોવાં કર્યા વીપરીત જેવી વાત કંઈક લાખ કરોડનાં, નરપતની પુજી નેટ તે પ્રથવી પર પાથરી ભુપત આગળ ભેટ; જેમ આભમાં વિજળી, એમથયો ઉજેસ બીજો રવી અતી ઉગીયો, સુર બધે પ્રવેશ પુત્ર જોયા પુરપત તણા જાચક કરે વખાણ સુ સાક્ષી બીને થોડે.લક્ષમી દીધાંલહાણુ અચરત પામ્યો અધીપતી કઉતકશુ કેવાય, પ્રતીજ્ઞા કરી છે પાટવી પુત્રને કેમ પુછાય, આવતારિક છે અંશપત ઇંદ્રતણો આકાર કારમી વાત કોને કહે, ભુપતને પડિયો ભાર ચીત્રામણે સરખા રહ્યા સહુબોલી શકે ન બોલ હઠ હોડ હીમત ગઈ, તરૂણીનું વાધ્યું તોલ જેનાં આવ્યાતા જન, જે અપરમપાર અપાર દળીદ્ર ભાગ્યાં તેહનાં; નાહાલ કરયા નરનાર. નવ કરોડ રતન પીઠે નહી, વેરે વારંવાર કોસર ને શા કરે, ભુપ જેવો ભરથાર. મહા લક્ષમી વાશે વશી. મહાલક્ષ્મિ નામે મેહેર મહાલક્ષ્મી પોતે થઇ, કામનીએ કીધોકેર; શાબાશ શાબાસ સઉ કહે લક્ષ મળ્યા જે લોક તું નારી તારો પતી,બીજાબોલે તે ફોક.જળહળ બોત ઝવેરની, કરશુ કારમુ કામ, નમી પાટ સાસુ તણે, સુત મુકયા તે ઠામ.

મોટા મહીપત આગળે, નહાનો સામુ નાથ; હું તો દાસી છું તાહરી હેને પુત્ર હાથ. વાસીહા કાણ વતાગરી, શોભીતો વર સુત્ર; તેડયો તમારા તનને, પુત્રતણા બેપુત્ર. અધીપત કેસ ઉજેણના, પુર બધીમાં પેર; એહ કુંવર તે કોણ તણા, અચરત ઘેર ઘેર. સળંગ બધી સોધી જુઓ પગલું ન જડયું પીઠ; મહીમા કેમ કીધો માનની કહેવત ડાહાપણ દીઠ, સાસુ કહેરે સુંદરી, કુળ લજાવણ કામ; કોના પેટના દીકરા મુકે છે આ ઠામ. મહીપત તમને મારશે, લોપશે તારીકાજ; કાન નાક ચોટલાકાપશે કુડું કીધું કાજ, કાંઇક શરમાતું કામની, નરપતને મુખ દિઠ, જીવ કાઢશેજુલમથી, શું દેખાડે પીઠ, વણીક શાહની દિકરી, શીદ લજાવે શેઠ; બોહોતર બાળ્યા બાપના ખાહાણ પડતું પેટ. હોડે કોટ પરણાવીયાં, શાહલજાવ્યા શુધ,પુત્ર પ્રસાવ્યા બે પારકા બાળ તાહરી બુધ. મુખ નવ દાખરે માનની, તનમાં પ્રગટયા તાપ; દીકરા આપદાશી તાંહાં,જ્યાં હોય એનો બાપ. વીક્રમ ઘેર કેમ છાજશે, માઠો કેમ મળશે મેળ; પીલા વશે પરીયા તાહરા; તરત કહાડશે તેલ. લુટી લેશે તારા તાતને, ક્ષણ ન લાગે વાર; શાહને તે તસ્કર કરયા, ઉઠી કુળ અંગાર; એ પુત્ર તુજ પુતરના, તું વડવાઇ વેહ; ખોડ નહીં ખાંપણ નહીં ભ્રાંત ન રાખીશ એહ વણીક પડયો નથી વાડમાં સળગ સામુ જોય, પછી લે એવું પારખું, હરી કરશે તે હોય.

ચોપાઇ—સાસુ શાં મહેણાં દેશો તમો, એવાં કામ કરં નહી અમે પુરંદર સંરખો મારો પતી; તેની નાર હું સાચી સતી જેવાં શસરા સાસુ સહુ, તેને ઘેર તેવાં હશે વહુ; જેવાં લક્ષણ તમારાં હશે, તેથી સવાયાં વહુનાં થશે. નીરમળ કુળ માતા તમ તણું, ગંગાજળથી ગુણ નિધ ઘણું; પ્રથમ પુછો પોતાના તનને, ખરૂં કરો પોતાના મનને. રાણી રાયને ત્રીજે તન, ચોથી વહુ મનાવા મન; એ ચારે મળીઆ એકાંત, ભાગવા સઉના મનની ભરાંત. લક્ષ કરોડ જુવે છે લોક, ફજેત થાશે હવડાં ફોક; માતા પીતાએ પુછયું પુત્ર,,, સાચું બોલો સતવાદિ સુત્ર. માળીયામાં કશી કીધી હોય, તોતો મેહેણુ દેશોમાં કોય; પુત્રે તો પ્રતીજ્ઞા કીધ, શાળીગરામ ઉપાડી લીધ. ઉપાડયા ચંડીના પાઠ, જો દીઠી હોય સળંગની વાટ; સુર્ય ચંદ્રની શાખજ દઉ, તાતા તેલથી વીંટી લઉ, અગ્ની માંહે ઘાલું હાથ, સ્પર્શ કરયો હોય સ્ત્રીની સાથ; વહુ સામુ જોયું વીકરમ વીર, રાખે નામ પોતાનું નીર, સાચું હોય તો વરશું વહો,નહીતો સહુ દેખતા શુળીએ ચઢો; જેહેવાર વાત રાખે લાજ તેના અરથે વણશે કાજ

દોહરા—ઘુંઘટ તાણી કહે ગોરડી, સાંભળ મારા સ્વામ; સાખ ઝીયણ જે સાકરી, તેતો મારૂ નામ; દુધ પાયુ દલડા થકી, મહીપત રીઝયા મોન. પોસ સુંદર પંચમી, તે દિન પ્રગટયો તન પાંચ વરસ ઉપર પંદર દિવસ, બત્રીસ લક્ષણ બાળ; સાચું હોય તો હા કહો, શીદ ચડાવો આળ. આ હથીયાર આ લુગડાં, તારો કમર કટારઃ

મુખ આગળ છે મુકીયો ક્ષણું ન લાગી વાર. નીચું જોઇ નૃપત રહયો; હા કહી તાત હજુર પ્રગટયો પુત્ર એ તમ તણો, નારે વીચાર્યું નુર બીજી વાત જાણું નહી ન્હાનો બાળક આળ; લક્ષણ સહું તે તો નથી, એતો આળ પંપાળ રામા કહે રાજા સુણો વપુ એ વિચારો વિધ; જુગ જાણીતિ જોગણિ, સાચી શક્ત હું નીદ્ધ સદાવ્રત સોભાવીયાં, મુવા જીવતા કીધ જાણો મુજને જોગણિ, લક્ષમી ખુંચી લીધ. ચિંતામણિનો ચૌતરો, ઉપર બેઠાં બેય; માણીતિ સ્ત્રી મોહોલે ગયા, તન પ્રગટયો છેતેહ. ગુરૂ કૃપાથી ગુણધણી, ધન લગ્ન હીત હસ્ત, શોળમે દિવસે સુલક્ષણાં, વીશંભર આવી વસ્ત, પુંજી લાગ્યા પીતામાણી; ઝવેર વેરયાં જોય; સાચું બોલ સુલક્ષણા, નીશા માત પીતાની હોય પ્રીછો પંડ પોતા તણે કોણ સાચું કોણ જુડ; સાક્ષી દેશ માબાપને, રીઝે કે પછે રૂડ, ભુપતે ભુમી ખોતરી, સમજ્યાં માત અને તાત. ઉછંગે અરભક તેડીયા, વનીતાની સાચી વાત, કરો લોક દેખતે કહયું પ્રેમદા પુત્ર પવીત્ર વીક્રમથી વધ્યું સાચુ સ્રી ચરીત્રાં અમુલખ રત્ન એ ઓળખ્યાં,પિતે હતાં જે પાસ. ધન ધન તું કુળ વધું, સસરા કહે શાબાશ. ચૌદ વિદ્યા ચોસઠ કળા. ચારદેવનાચેન, અઢાર પુરણાથી અધીક સ્ત્રીચરીત્ર એન ધન માત ધન નાત તુજ નરપતને ઊપન્યો નેહ સાકરના કરા પડયા, દુધ ઉઠયા મેહ રાય રીઝયા રૂદિયા વિખે, ધન નીરમળ કુળનાર, તનમન સોંપ્યુ સરવ બહુ વાર જાઉં બલીહાર. પુછીવાત નૃપત કરે,પછી ચુકવે ન્યાય, પછી રાય પાણી પીએ, ચીત ચાતુરી ચાહ,

ચોપાઇ–કહે નેમ રાજા સાંભળ કુળ વહુ, નારે હશ વરતે છે સહુ તુ કહે તે કરે સહુ કાજ, તું કહે ચલાવું રાજ તું કહે મુજને જે ઉપદેશ, હુંડીફેરવુ બાધે દેશ. માનવી કહે સાંભળો મહારાજ. કહેતા વાત આણો કઇ લાજ. તમે દેવરૂપ જો વની જાત્ર, તમ આગળ માનવિ કોણ માત્ર; જોતીષ શાસ્ત્રમાં શક લખાય ભાગ્યેગુણ ભરતી એમ થાય. અહુરતી તમો અવની કરિ, નિરધનને ઘેર લક્ષમી ભરી; આ લોકે તોઉણપ નથી પરલોકે સુખ સાચોસરવથી;સાંચીએ તેનવઆવે કામ.પુત્રડાહ્યા રહેશે દાસના ઠામ; જે કોમે ખરચે તેને હાથ સ્વર્ગ સમીપે આવે સાથ પુત્ર મીત્ર હિતકારી હોય, સગા સજ્જન નવ આવે કોય; ધન ડાટી જે વાળી ધુળ, પડે મુખે પોતાનો મુળ. આપ્યુ છે તેતો પામીયા, વેદના સઘળી તે વામીયા; પામર નર તે નરકે પડયા, દુખ દારીદ્ર દાવાનળ નડયા; આપ્યું તેટલું તેલો રળ્યો, દાટી ગરથ તે બધો બળ્યો; આપનાર સદાવરતી શુખ, સાંચનાર માગે છે ભીખ; આપનાર હાથી ઘોડે ચડે; ડાટનાર અડવાણા રડવડે; આપનારને મંદીર મળીયા, ડાટનારને ઝુપડાં બળીયાં, આપનાર અંગ આભુષણ ધરે,ડાટનાર તડકો વેઠી મરે; પાણી માંહેપતાશુ જેમ: કાયા કાચનો કુપો તેમ. જળ પરપોટા શોભા સાર, વેરાતાં નવ લાગે વાર આચાનય એક પ્રલકેજ માંહ; તરત તન પડે છે ત્યાંહ.રાખ્યુ કોનુ નવ રહે એક ઘડી

આયુષ ખુટે કાયા પડી; એક નહી તેનો ઉપાય, દેવ દાનવકે રંક રાય. જે જાયું તે મરવે જાય, અલ્પ અચાનક વાયુ વાય; માણસ તે દમનું બાંધિયું, આવરદાસુધીમાં સાંધિયું. ને સરવ સમજો છો તમો, શીક્ષા દેઈ શકું કેમ અમો; માટી ઢગલો રૂધીરને માંસ, પંચમા ભુત તણી શી આશા, કુડકપટ એ ખોટા કામ, અંતેએક સગો શ્રીરામ સ્વારથ સજનનું શરવ, ગુણ હીણા આણે તે ગરવ માટે રાય અમરદેહ કરયો, હું પણ હોંશેથી હરયો, ઉંચ નીચ કોઇ ઇશ્વરને નથી કાવરાએ કહે છે કથી.

છપ્પો—માટી લાગ્યો કુભાર, ચતુરાઇ કરીને ચોળી; ચાક ચડાવી તરત, ઘડયા ગોળા કે ગોળી; વળતા પાડયાં, નામ કુંડું કુલડું કોઠી ભાત ભાતનાં ભાંડ. જુગત નાની કે મોટી, તેમ પશુ પક્ષીને માનવી; ઉંચ નીચ જુગતે જુઓ, શામળ કહે કરમે કરી; પાપીકો પુન્યવંત હુઓ ચોપાઇ—હું તજશો તું દેખશો જીવ કાટિનોશિવ પેખશો; ઇશ્વર જીવમાં અંતર એટલો હુકાર ભાર ટાળે, સઉ તેટલે અજ્ઞાન થકી તો રડે અનેક, હું પદ ટળે તો ધારે એક; બ્રહ્માંડ ચીર તાં તો ભાસે નહી, આપો આપ દિશેછે અહીં, પયમાંહે જેમ રહે છે ઘૃત સોધેથી જડે છે તરત; શેરડીમાં સાકરને ગોળ; પીલેથી નીકળે છે તેલ કાષ્ટ માંહે અગ્નિ છે જેમ; ઇશ્વર તનમાં તપે છે તેમ, રવી એક છે પૃથ્વિ સહુ, ભાંગી આરશી કટકા સો, તેટલા માંહે દીશે છે ઘણો; કંચન એક આભુષણ કોડ, મ્રતીકા એક વાસણ જુગજોડ, એમ વશી રહયો શીવ રામ કરોડવસા તેનું છે કામ; તેછે રીઝવવાનિ છે મત, પ્રથમતો એક સાચું સત્યાં બીજું ભજન ત્રીજું છે દાન, ચોથું ભાસે છે બ્રહ્મજ્ઞાન તેહ સમીપે શ્રીકીરતાર, દેહ થકી વહાલો દાતાર. વાહાલો ભગતને વહાલો શુર, વહાલો જે પરમારથ પુર, વેગળો કરપી વેગળો સુખ વેગળો અહંકારી વેગળો ખુબ તે મહારાજ તારે હલ વસ્યું, એહ થકી બીજું નહિ કશું, ભગવાન ભક્તિ તણે કારણે, ગયો બળીરાયને બારણે. સૌથી વહાલું દાતાને સાથ, હરી સરખા જોડે છે હાથ; ભક્ત સુદામો હેતે હુઓ, આપ્યું ન હોતું ના ભુખે મુઓ તંદુલ આપ્યા પામ્યો રિદ્ધ દાના ગુણ તો મોટા શીધ; દ્રૌપદી વ્હાલી શામ શરિર તાંતણે તાંતણે પુરયાં ચીર આપ્યા વિના નવ પામે કોય. પુરાણમાં નિસ્ચે જોય ભીલડીએ બોર કર્યાં તે ભેટ. ત્યાર પછી ચોઆડિ ઠેઠ; જુઠી મીઠી કરે મોહની, એમાં શીરપાશ કહિ કોયની. વેદ પુરાણ લખ્યા જોય, આપ્યા વિના નવ પામ્યા કોય. કુળ વધુએ કહયાં વચન, રિઝયો ઘણું રૂદીએ રાજન; વિક્રમને નેહ વાંચ્યો પુન્ય, નેહ ન રાખી તેણે પુન્ય ત્રણ લાખ ઘોડા પોળો કરિ, આપો વિપ્રને ધન ધાને ભરિ ત્રણ લાખ અશ્વ ત્રણ લાખ ગાય તેહ સહસ ગજ દાન અપાય. દેશે દેશને ગામે ગામ ચાર ખુંટ ચોખુણે નામ; સદાવ્રત શાખા બાવે ભણ્યા, એકવિશ લક્ષ ગુણીજનને ગણ્યા વાસ સહસ્ર કિધિ છે વાવ્ય, ત્રણ સહસ્ર તારતીમ ભાવ: સાંભળે એનું પુન્ય પ્રમાણ, બુદ્ધિહિણને લાગે બાણ.

કરપી તો કળ ખાઇને પડે; શુ મને તો શીતજ્વરજ ચડે;અદાતાને આવે તાવ,ભલા ભગતને ઉપજે ભાવ, કરપીને મન કહાવે કુડ, મુખ મરડીને ઉઠે મુઢ; રૂડા દાતારનુ મન રીઝશે, ખોટા સાંભળીને ખીજશે દાતાનુ મન રીઝે ઘણું; તમ પામે મન સીધુ તણુ, ગુણ હીણાના બળશે ગાત્ર. સત વીપ્રને સોહામણું કવી રૂડાને કોડામણું;એટલે પુન્યે તૃપ્ત ન થયો,કલ્પવ્રક્ષ કવિતાએ કહયો,ભરાવ્યો ગર્ભ ઘણું ગાડીએ, ફરતો અધીક દેશે આડીએ; કાગળ ખત ખોળાવ્યાં નીર એવો નર એ વિક્રમ વિર. લેહેણું દેવાં આવ્યા ઘેરથી, પ્રગટ કન્ય પ્રીતે પેરથી;શક લખાણાં જોતીશ માંહ.વળતી ઉથપ શીરહી ત્યાંહ. પરનાર સહોદર વાચ્યાં વર્મ, જેહ સમીપે શોભે સ્વર્ગ; એહ વેળા ત્રણ જુગના રાય, એના આગળ હળવા સહુ થાય, હરિશ્ચંદ્ર સરખો હારીયો. એવો ધર્મ તો નવ ધારીયો; આ કુડા કળજુગમાં ક્રીયાં કામ બીજાની નવ ચાલે હામ; સતવાદી સાચુ જાણશે, અન્યાઇયા અંતર આણશે. દોહરા—સુપત એ ભરતખંડનો ઉજેણીપત અધીશ;પ્રસન્ન જેને પરમેશ્વરી, આવ ઉમયાપત ઇશ; ચરિત્ર અવનનુ એહનું,સાંભળતાં સુખ થાય;ભક્તી મુકતી સુખ ભોગવે,પાંચેપાતિક જાય ભોજ કહે ભામની ભલી, પુતળી પુન્ય પવીત્ર તે મુજને શીક્ષા કહી, વારૂ વિક્રમ ચરીતર. પુતળી કહે સુણ પુરપતિ, લખ્યા જેહના લેખ;કાવ્ય કીધા કંઇ કોટીધા નહિ મીનને મેખ શીહજગામ શોહામણું, ગાતર પ્રગણા માંહ. વદો દેવ વિશ્વેશ્વરો તેહ બીરાજે ત્યાંહ. પ્રગટ તેહનું પારખું, મહી મોટમમદ મેર. ચડે લાડુ ચોખા તણો, સવા બે મણને શેર.તે પાસે કણબી વસે, વાસવ કેરો વંશ; કાઉજી કુળ દીપક ભલો, અખીલ ઇશ્વરનો અંશ. રાખીદાસ રાજસ વડો, મનજી સુત મેહેરાણ; લેખ લખાવ્યા તેમણે. પરમારથ પુરાણ. રૂડી તરતીબ રખીયલ તણી રાજ રાજેશ્વરરૂપ; તેણે કવિશ્વર તેડીયો, અકકલવંત અનુપ. શ્રીગોડ માળવી વિપ્ર શુભ, ગુજરાતમાં ગુણનિધ; વાસી વેગણપુર તણો વખાણ વડેરા કીધ. સાગળભટ ત્યાં તેડીઓ, વખાણ શુણીને વાત;પીતા પુરૂશોતમ તણો પટ દરશનમાં ખ્યાત. પ્રથ્વિ કરી પસાવ તે ખાન પાન ધન ધાન;કરજોડીને તે કહ્યું દઇને ઝાઝાં માન. શ્રીગોડ માળવી વીપ્ર શુભ, ગુણનિધ ગુર્જર ગ્રામ; પુરાણ કર્યાં પરમારથી, નવખંડ જેનું નામ શીંહાસન બતરીસનો કર્યો ગ્રંથ ગુણ તેહ. પુન્યવંત પુરૂષને પ્રીય ઘણો, નિરમળ જનને નેહ, ભાટ ચારણ બ્રાહ્મણો,ખોડ માં દેશો કોયઃસદબુદ્ધિ દિધી સારદા,હરી ઇચ્છાથી હોય, ગ્રદ્ધ ખોટ ઓછું અધીક સાચા જુઠ કે જાણ,તે જાણે અંબેશ્વરી જાણે પુરૂષ પુરાણ. સંસ્કૃતમાંથી શોધીયું, પ્રાક્રમ પુરાણે નીધ; કવીતાનો કોણ આશરો, બુધસાગર એ દીધ ગાય શીખે ને સાંભળે, પામે પદારથ પાંચ; ઇશ્વર આશા પુરશે, ઉની નાવે આંચ. વ્યાધી શોક વ્યાપે નહી,વાહાલાનો ન હોય વીજોગ; અષ્ટ સીદ્ધ નવ નીદ્ધ રિદ્ધ, ભાવતા પામે ભોગ. કવી શામળ કેડે કહ્યું એ રૂડું આખ્યાન અંબા આશા.

ગુરશે સુણશે વારૂ કાન. શીષ્યએ નાનાભટતણો, પુરૂશોતમનો તાત; શેવકશ્રી અંબાતણો, રાણિ વેહ વિખ્યાત ગરીબ તણો હું ગરીબ છું. રાંક તણોછું રાંક; ગુણ અવગુણ હોય ગ્રંથમાં,ક્ષમા કરો સઉ વાંક.ભોજ પ્રતે કહે પુતળી આપે ગઈ આકાશ; એહ કથા પુરણ હવી,કહે કવિ શામળદાસ.શ્રોતાવકતા સમજતા કહે કવીતા કરજોડ; શામળભટ કહે બોલજો, જેજે શ્રી રણછોડ.

વારતા ૩૦ મી ભરથરીની.

સરસ્વતી નામની ત્રીસમી પુતળી બોલેછે તે વારતા રાજા ભોજ સાંભળે છે.

શ્રી ગણેશાય નમઃ શ્રી સારદાએ નમઃ ચોપઇ—શ્રીગણપતિ ગુણનીધ ગંભીર, ધરમ ધોરંધર ધાયક ધીર; શ્રી પારવતી કેરો પુતર ચીંતામણી કેરા વર સુતર. ઇશ્વરથી ઉતપત ઇસવર આપ. વાણી વેહ પુરાણે છાપ;ગજવદન ગુણનાયકનામ,કરે મનવાંછીત મોટાં કામ. દુખભંજન દુંદાળો દેવ, સુરસનકાદિક કરે બહુસેવ; પરસ્પર પેહેલો પુજાય, રીદ્ધ સીદ્ધ સકળનો રાય. સેવે સેવંતરી સીંદુર, ભોગસકળ ભાવીક ભરપુર; ઉત્તમ મોદીક અમ્રત આહાર,દેવાંધી દેવ ગણુયત દાતાર, મુષકવાહન અહ મલપતો, દેવ સકળ માંહિ દીપતો; કરો કીરપા કરૂણા નીવ તમો,ઠરૂં આસકવિ કહે અમો, શ્રી વિદ્યા સાચી સરસ્વતિ.મયા કરો આપો મહામતિ;હંસવાહની જાણે સુજાણ, વેણાપુસ્તક પરઠયાં પ્રાણ.આદકુમારિ પુન્યપ્રણામ;માયારૂપ મોટી મેહેરાણ; છત્ર ચામર ગુણછયે છાજતી.સેવક ગુણ શિર વિધ ગાજતી,હેતે કીરપા જેપર હવિ, તે કહેવાણા મોટા કવિ; મુરખને પંડિત કિધા ઘણા ગાયાગુણ જેણે તમ તણા. છપ્પો—મુરખને નહી માન, મુરખ ઝાઝા માંહિ ઝુરે; મુરખને નવ દે ધાન, મુરખામાં અકલ અધુરે; મુરખ હલકો થાય. બહુ ગુણવંતા બોલે; મુરખ ન લેખા માંહ, જ્યાં દેવ પંડિત તોલે. હંસ મધે બગ આપડા, કારણ તે જાણે કશું; શામળ કહે સઉ વિદ્યા ભણો વિદ્યા નહિ તે તે નર પશુ.

ચોપઇ—વિદ્યા દાતા મોટપ મતિ, સાચી દેવિ શોભે સરસ્વતિ; શામળ ભટને સેવક જાણ અમ્રત વદને આપો વાણ. જેમ વાત બોલાઓ જથા, કહુ વિક્રમજી કેરિ કથા; પરમારથને પરમ પવિત્ર; રચે સકળ ગુણ રામ ચરિત્ર કરો ગ્રંથ શાસ્ત્રને શુળ, માંડિ વાત કહુ એ મુળ, ગુર્જર દેશ ગુણ નીરમળ નામ, શીંહુજ શિરોમણ રૂડુ ગામ, રૂખી કાઉજી કેરો વંશ, રખીદાસ અવતરિયો અંશ;મનજીસુત મોટા મહેરાણ, પ્રીછ્યાં તેણે સરવ પુરાણ. તેણે સંતોખ્યા શામળકવિ કરો ગ્રંથવાતે શુભ નવી; સંસ્કૃતમાંથી શોધિ કથા, કહિ પરમ મનોરથ કથા તે સાંભળતાં પાતીક જાય શ્રોતા વકતા પાવન થાય.ધારાનગર કેરો એક ધિશ, દાતાભોજ પ્રગટયો અધીનીસ દાતા સુરનર ભારે, ભકત, જશાને જેયે જીત્યો જગત;કંઇક રંકને રાજા કરયો ભિક્ષુના ભંડારજ ભરયા, કીંકર કીધા ક્રોડપતિ રજેસુણ નહિ તેમાં રતિ પંડિતનો પ્રસ-

ખણુ નર ઘણો કલ્પવૃક્ષ તે કવિયો તણો. કાકો મુજ મોટો મહીપત, ઉછેરયો ભોજ તેને ઘેર અત્ય; મુજને પુત્ર મોઢા છો પાંચ; મુરખના શીરદારી સાચ. તેણે જઇ જમાડયો તાત, કહી વિમત માંડીને વાત. જીવે ભોજ તારા ભત્રીજ, અમારે મનનો ખિખતું બીજ, એ ચતુર નર ચતુર સુજાણ, એ આગળ અમો અધિક અજાણ; એ આગળ નહી થાયે રાજ, વિવેક વિદ્યા વપુથી વાજ. ધીરજ તમારામાં ધારજો. અમને કે એને મારજો; મુંજે માન્યું સાચું બીજ, મારવા મોકલીઓ ભત્રીજ. કહ્યું ચંડાળે તેને વરત મહિપત સુત આવ્યું તુજ મરત; ચેતયો ભોજ તે વેળા તત્ર, લખ્યો લેખ એક મોઢો પત્ર, સુંપ્યો પેલા સેવક સાથ, લીધો મુંજે હેતથી હાથ, વિવેક કરી વીધે વાંચીઓ, સાચે; જ્ઞાન દલમાં સાંચીઓ. છપ્પો–ગયો તે રાવણ રાય, ગયા માનધાતા મહીપત; ગયા રામ ફરશુરામ, ગયા દીલ પયજ અધીપત; ગયા કરણ વિક્રમ, ગયા બળીરાજ બળિયા, ગયા ઈંદ્ર હરીચ્યંદ્ર; ગયા પાંડવ જે વડીયા, ગયા નરગોરખ ગયા કારવ જુગ જોડા; ગયા નર એમ અનેક. હારિયા પોતે, હોડ, પરીવ્રત ભરત સ્વયંભુનું, તે સાથે પૃથ્વી નવ ગઈ; તુજ કેડે પૃથ્વી આવશે નીશા મુજની થીર થઈ.

ચોપાઇ—વાંચ્યો કાગળ મુંજે ચેત, હઇડા માંહે આણ્યું હેત; તનથી મેલ કરયો છે તાજ; સોંપ્યું ભોજને રિધ રાજ. ભોજે રાજ, કરયું ભરતખંડ, દોખા જનને દીધા દંડ. પાળ્યાં લાડ સહોદર તણાં તેહ ભોજ દાતાને દાન, દીધાં માગણને બહુમાન નવું કવીત કહે ભાખાભાખ, સહજ વાતમાં દે સવા લાખ. ભંડાર થકી જે પાછો ફરે, તો હુકમ લાખ અઢીનો કરે, એવાં કરયા નીત્ય પુન્યનાં કામ; ખમણ ભોજ પડાવ્યું નામ, રાજા રાજધારીનું કરે, આણ બધાનગરમાં ફરે. ખેડુ એક ખેતીખેડતો; વન તણાં તરૂવર વેડતો. ખેતર વાવ્યું પકવ્યું ધાન, કરે જનાવર તેને જાણ, ટીંબાપર માળો વાલીઓ, હાકે હુડા ચોહરા ચાલીઓ. માળા ઉપર ચડે જેટલે, ત્રણ ભુવન દેખે તેટલે; ચાર વેદ ચઉદ વિદ્યા ભણે, કળા બહોતેર ગુણગાને ગણે; આપે ભુંખ લોકોને આહાર. દેવાંશી કહાવે દાતાર; હેઠો ઉતરે મુરખ જડ; વિદ્યા વિવેક ન જાણે વટ, એક દીવસ રાય ભોજજ ચડયો, તેને ખેતર આવિ અડયો; કરિ વાત બે જણ એકાંત, ભુપત ભોજ તો પડીઓ ભ્રાંત વેદ ચાર તો વદેને વદે, રાજસગુણ દાખે તે રૂદે, રાજાને મન અચરત અડયો; મહીપતનો માળા પર ચડયો અગમ નીગમ તે ચીતે ચડે, તરણ ભુવન તો દ્રષ્ટે પડે; રાજા અચરત પામ્યો ઘણું, દીવ્ય સ્થાનક તે દેવી તણું. ધન અનગળ તેને દીધ, ભુમી વેચાતી લીધ; તે ઉપર ગયો એક માસ, થયું એક હશારત હાશ, સસલી વિલાણિ તે ધરણ, તે તે બચ્ચાં બળવંતા તરણ, રાજા ભોજ ચડયો શીકાર આવ્યો તે ટીંબાને ઠાર તે ટીંબો લીધો છે ઘેર મુકયા શારદુલ મોટા શેર, મુકયાં ચીતાકુત્તિ ઘોડા. રણજનાવર ઉપરરોષ્ક

ઝાડી માહી જનાવર લીધ, ભુંડ શીકારજ રાય રીધ; સસક બચાય દીધી દોટ, ચઇતન્ય ઉપર કીધી ચોટ નાઠા વાઘ ભણકારા ભણ્યા, શારદુલને તે સસલેહણ્યા થયું રાયને જુગતે જાણ, પ્રથ્વી માંરે પ્રાથમ પ્રમાંણ ફરિરાયે હંકારયોગજ, મુંઢયો શશક થઇને સજ. શશક દીઠોસામક સાથીએ, હઠ મેલી હીંડયો હાથીઓ દીઠું નમર બધિના લોક. એતો અચરત દીઠું રોક; પુછયાંપંડીતપુછયાપરધાન, અધિપતીએ વરત્યું અનુમાન એ પૃથ્વિ કેરો પ્રતાપ, અગમે નીગમ કેમ સુઝે આપ, ખોદિભુમી તેહાથહશવિશ, પ્રસન્નથાયઉમીયાપતપશ, નીકળ્યું સીંહાશનશુભરૂપદીઠેહરખ પામ્યો ભડભુપ;ચંદ્રકાન્તિ મણિત્યાંજડયાંસુરજકાન્તીઅશોકીક અડયાં. શુભલક્ષણસોનાસુ તળિબતરીલક્ષણબત્રિશપુતળિ;પદમનિજેવાંતેનાચેન;ઈંદ્રઅપ્છરાઆકારે એમસજ્યા પોને શણગાર, ભામનિ રૂપ તણા ભંડાર; કોરે કર વેણાને તાલ,કોના કરમાં જંત્ર રસાળ, કાને કર ઢોલક મરદંમ. કોને કર ચામરને ચંગ, જંત્ર તંત્ર તંબુરો તાંત, ભામનિ કર વાજાં બહુ ભાંત;રતન અમુલખ હીરે જડયું મસ્તક મણિએ મહોક મ મડયું, છત્ર ચમર ધજા ઢળકંત લખ કરોડ મોતી તળકંત; પારિજાતિકપ્રેમહેલેહેક બરાસ કસ્તુરી કેરા બેહેક.દેવતાઇ વાંજાં વાજંત, ગેબી શબ્દ ભુંગળગાજંતઆઠે પહોર થાયે આરતી, બારે ગુણ ભાસે ભારતી. પ્રગટયું કોઇક જનમનું પુન્ય નરહી તેમાં એકે નુન્ય, હરખ હેતને ઉલટભેર, લાવ્યો ભોજ સિંહાશન ઘેર; રાજ સોહી રાજાએ રચ્યો, મહા મનોહર મંડપ મચ્યો, માંડયું આશન જતને કરિ બેઠો ભોજ સભાએ ભરી; નવખંડના મળ્યા ન્રૂપતી, બ્રહ્મ ભોજન કરયા ન્રૂપતી. દીધાં મન ગમતા બહુ દાન, માગણને અતિશે માન, અડસઠ તીરથનાં આણ્યાં નીર, નહાયો ન્રૂપત શુદ્ધ શરીર મંધોદક આશનશુદ્ધ કરયું, ઉપર અક્ષત ચંદન ધરયું; અશ્વ ગજરથ આપ્યા ઘણા, પાળ્યા લાડ ત્યાં માગણ તણા; તેડીયા વીપ્ર રૂડા વેદિયા.બાર પુરાણ જોતીક ભેદિયા. પુષ્પારકનું મહુરત લીધ, ગામ ભોજન કરાવ્યું સીદ્ધ પાંચ પ્રદક્ષણા પુંઠ ફરે, આશન ઉપર પગજ ધરે; જય જય શબ્દ કરે જેટલે, સરસ્વતી બોલ્યા તેટલે, હાંહાં રાય માં ધરજે ચરણ, રહો વેગળા બેસો ધરણ;વીક્રમ સરખા જે નર થાય, તે સીંહાશન ધરશે પાય, બીજા બેસે તેના ભોગ,થાય વ્યાધીક વ્યાપે રોગ;એવો બોલ કામનીએ કહયો,પગ ખેંચી તે ઉભો રહયો, તે કેવાં પ્રાક્રમકરયાં, કેમ સંકટ લોકના હરયા; કેમ પરદુખભંજન પડયું નામ, કેમ પરમારથ કીધાં કામ. કોઈ કષ્ટ ઉપાસન દેવ કોણ સદગુરૂની કીધી શેવ; કેમ એ સીંહાશન પામીઓ, કેમ વેહના સવળી વાળીયો કેમ વીદ્યાશું કીધો વાદ,કેમ ઉતાર્યાં નરનાદ; આદ ઉત્પત્ત માંડીને કહો.લક્ષણ તમારાજે લહો, તેવો થાઉં તોપગજ ધરૂં, નહીતોએનીપુજા કરૂં,

દોહરો—ભોજ પ્રતે કહે ભામની, સાંભળરૂડારાય; થયો નથી થાશે નહી, એવો અવનિ માંય. મહી મંડળ માળવ વીસે, આ ઉજેણી ગામ; વીક્રમ રાય વસુધા-

પતિ, નવ ખંડમાં નામ, મહારાજ રાજ રાજેસ્વરી, પરદુખભંજનહાર. સમુદ્ર લેહેર લાયક સકળ દેવરૂપ દાતાર. પરમારથને પ્રાક્રમી, સુરપુર પ્રડધીર અરિ ગંજણ રંજણ સજણ, વીરજીત મહાવીર પુતર પટાધર ઈંદ્રનો, અતળીબળ જે આપ; વાંક વસ્યો કાંઇ વપુ વિખે, સુરપતિ દીધો શ્રાપ; પુતર પડયો પ્રથ્વિ વીશે, ગરધવસેન ગંભિર; દહાડે તે ગરધવે થતો રાતે થતો મહાવીર, તરંબક ઘડ તેણે રચ્યો, એક રાત અરૂપ પરણ્યો પુતરી રાયથી, રાજ કન્યા શીવરૂપ; ગરભ રહયો ગુણ નીધને જુવતીનિ વાધી ભત; ત્વચ્યા બાળી ગરધવ તણી, માન નહીશ માત. ગરધવ કહે સુણ ગોરડી,નાશ અહીંયાંથી નાર; ડટંતર થશે આ દેશમાં, સુર્ય ઉગે સવાર. સાથે એક સાહેલડી,નરપટની માની નેટ, ગરભ તેને ગરધવ તણો, સક્રમ ઓઢો પેટ.વીક્રમ વડી રાણી તણો, કરયો કોટી પરકામ; ભામનિ બીજી ભરથરી, નવખંડ તેહુ નામ- ભોગ ભરપુરે ભોગવ્યો, જુગ જાણિતો જોગ; જીવ મુકતી થઇ ગયો, રજ માતર નહી રોગ. સમાણિ રાણિ તણી સખી એક સાહેબ; તેનો પુતર એક પ્રાકરમી, મહીમા મહીપતી મેહેલ. તે વણઝારે વાપર્યો, ઠરી રહી તે ઠામ; અતળીબળ અરભક અહુ, ગયા ઉજેણી ગામ. કરતો રાજ ઉજેણનું, કતવરમા સજીવ; ભુપત એભરતખંડનો, જંબુદ્વીપ જશાજીન, મહાલક્ષ્મી વાસો વસે, અલખત અપરંપાર; શુરપુર સલક્ષણો, દેહ કાવ્યો દાતાર; હાથી ઘોડા માલ ધન, લક્ષ્મી ઘર સુતર ગ્રહ થયેવપુ વીખે પેટ નહી એક પુતર, એકવાર અંતર વિખે, બુઝી વીચારી આપ;વિક અવતાર જે વાંઝીયા,પુરણ જન્મના પાપ. હવે પુન્ય ક્રીયા કરૂં, દેઉ કેવા એકદાન, શોભાવુ સુકરીત ક્રીયા પામુ, મહીમા માન. એક કામ ન ઉકલે, આરાધયા જઇ ઇશ, પ્રજા પ્રદક્ષણા કરિ સમર્પવા માંડયું શીશ. પુરવ જન્મના પુન્યથી, પ્રસન્ન થયાનરનાથ. હાં હાં કહી હજુરીએ, હેતે ઝાલ્યો હાથ; આત્મહત્યા નવ કરો, પુરણ હું પ્રસન્ન, દયા કરિ દેવાધીયે, દિધાં દીવ્ય દરશન, કહી વાતએ કારમી, અંબીપત સુણોએકાંત મનમા રાખજે મહીપતિ, ભાગીશમાં કંઇ ભ્રાંત. સભા રચે છે સોહામણી, તનથી શોક કર તાજ, કળસ ઢોળે હાથણી, તેને સુંપજે રાજ, તારૂં નામ જુગમાં થશે, શોભાવશે ઘરસુતર, ઈંદ્રાતર સાત બેઉરે- પાળક કરજે પુતર ભ તરિ સલક્ષણ આગળો, ચઉદ વીધા ગુણ જાણ; મળશે રૂડા મહીપતી, પંડીત પંચ પ્રમાણ. હરખ્યો રાજા હેતથી; પુરણ સમજ્યો પેર, કથાંતર મોને નવ કહ્યું ગુસુંત આવ્યો ઘેર. પ્રાતઃકાળ સભા સહુ, પંડીત ને પ્રધાન, મળી અલેખે મેદની, મહીપત દીધા માન. શણગારી શુભ હાથણિ, સુંપ્યો કળસ એક શીશ; જેઉપર ધરી ઢોળશે, તે ધરણીને ધીશ. સુરજ ચંદ્ર બે સાખીયા, વચમાં રાખ્યુ સત્ય. કળસ તણી કીરપા હશે, તે પ્રથ્વીનો પત, ભરાત બે વીક્રમ ભરથરી, લાયક છે લઘુ વેશ, તે બેવા કારણ રહયા, પંથી તે પરદેશ હલકાર કરે છે હાથણી દુદંભી વાગે દિશ્ક આચનિધ છે

ભરથરિ, કળસ સમર્પો શીશ, દુદંભી વાગ્યા દેવનાં, ગડગડીયાં નીશાન, પુષ્પ વ્રષ્ટ ત્રષ્ટી મચી રહિ, ભાવે વરત્યા લાણુ, આણુ ચાલી ઉજેણુમાં, અકલ ઘણે, અનુત, પાટ બેસાર્યો પુર વીષે; થયો ભરથરી ભુપ. રામ રાજ સરીખડું પ્રજા ઉપર મિત; વશ કીધી વસુધા સકળ ન્યાય શાસ્ત્રનિ રીત, દોલત દસ કોટીધા, નરપતી આહિ નેક; અનમી નર નમાવીયા, થયો છત્રપતી એક. સજન સહુ સંતોખીયા. ધર્મ ધોરંધર ધીર, દુઃખભંજન દાતા વડો, વિક્રમસેન વડવીર. કોકોને દુખે નહિ, વશ વરતે સહુ લોક; ફરે આણુ નિત્ય ધર્મની, નહી વ્યાધી નહી શોક, જેણે રાજ સમરપ્યું, પોહોતી તેનિ આશ, તીરથવંત તેહ કારણે, તેહ ગયો વનવાસ. ભુમીપતતો ભરથરી, નવખંડમાં નામ, પરણ્યો પટરાણી પદમણી, તેનુ અનગશેનાઃ નામ. સોળ વરસ સુલક્ષણી, રતીવત રામા રૂપ, ચેતન ચરીત્ર ચંતની, ભામની રંભા રૂપ. રાગ વરણને રાગણિ, સંગીત શાસ્ત્ર રૂ જાણ; ચંદ્રવદન ભ્રમલોચની, ભાગ્ય નીધીનો ભાણુ. ચક્ષ ચપળ અંબુજ દલે. ગુણનિધી ભારિયાં ગાત્ર; પદમણી બીજી પ્રેમદા, એ આગળકુણ માત્ર. ભુપત ભારે ભરથરિ, વનિતાએ વશ કીધ, તન મન ધન બોહો પક્ષથી, ચીત વિત ચોરી લીધ, સુતે બેસતે ઉઠતે, હીંડતે ચાલતે કામ, નરપત ઝંખે જેહથી, નારીજ કેરૂં નામ. જેમ જોગી વશ માંકડું, જેમ વાયુને વશ તરણુ, ભામની વશ એમ ભુપતી, સુણે કથા નર કરણ, ખેત વાત ખીલખત વીશે. અહોનિશ સહે એકાંત, શ્રવણ અરજ સુણે નહી, શાન્ત તણુનહી સાન. બેસે નહી તે બારણે, સભામાં નવ સોહાન; ન્યાય અન્યાય પરખે નહી, આણે એમ મહીમાય. સજન સાથે સ્નેહ નહી, અધીપત વશનહી અંગ, ખાય પીએ ખુબી કરે, રામા સાથે રંગ આઠ માળની અટારીએ. શુએ સમારિ સેજ; એક પલક નવ ઉતરે, હુરી સાથે નહિ હેજ. રંજીત રાગને તાનમાં ગાન તાતને ગીત; બીજું કાંઇ સુજે નહિ પ્રેમદા સાથે પ્રીત; નીંદ્રામાં ઝાંખે નારને, જનતાં બેશે જોટ; શેત્રંજ જંજીફે સોગઠે, હાર જીતનિ હોડ, તાળ કાંશીને તંબુરો, વાજાં વિધવિધ વાજંત, ભામનીઓમાં ભરથરી, રીઘ વણિરાજત. પ્રીત સુર્ય કમળને, જેમચંદ્ર ચકોરનીર સંગાથે મીનને, જેમ મેઘને મોર, નેહ બંધાણો નરપતિ. જેમ મધ માંહી લાખ; દલ બીજું દેખે નહી, ભામની સાથે ભાંખ, આઠમ સવાડે એક દીને, વિક્રમે કરયોવિચાર; ચડ્યો અટારી એકલો કરવા દરશન દેદાર; પ્રણામ કરયો જઇ પ્રીતસુ, કરજોડી કહે કૃત્ય, દુખ સુખ બધા દેશનું, નરપત આગળ નૃત્ય, દુશમન બધા દેશમાં, આખુમાં અંતર થાય, એક દિવસ નવ ઉતરો, રાજ રહે કેમ રાય બળીયા કોઇ બદે કહી, તોલ થયા છે તાજ; છત્રપતી એ છાજે નહિ, રેલાય છે રાજ જઇ બેસો આવી બારણે, સભા મધે થઇ સુર; કહાપણ સરવે દેહવટ કરશુ; નારી સાથે શું નુર, ખુણગમાવ્યો ગુણનિધી, તનથી ખોયું તોલ; અનેક કંચન એવાં કહયા, બંધવ સાથે બોલ

માન્યું મન મહીપત તણું,હેઠો ઉતરો હોડ; દુશમનને દેશવટ કરવા, માનનીનાએ મોડ્યા મોડ. કંઈકને દીધાં શુળીએ; કઇકને દીધાં દાન, કંઇકનેહળવા પાડીઆ,કંઇકને દીધાં મન. ડંકો પાડીયો દેશમાં, અતીજન પુરી આશ; આવ્યો ફરી અટારિએ, પ્રેમદા કેરે પાસ,લાવ્યો આભુષણ અવનવાં, જર દેખાડયો જોર, હિમક તો દિઠેનહી ઘણું અંધારૂં ઘોર. શણુગાર તજ્યા છે સુંદરી, રામા બેઠી રોય; અન પ્રાણી પાસે નહી. કળી ન શકે કોય, પલંગતો પટકી નાંખીયો,તોડયા ઉપરના હાર.કેશ સમુળ કાઢીયા; આંખે આસુ ધાર, રામા ચરીત્ર રમાડીયું પરઠવા બેઠી પ્રાણ; સ્વામીસ્તુતિ અપીકી કરે, વદને નવ દે વાણ શા માટે તું સુદરી રામા કરે છે રીશ; દુભ્યા હોય તેને દેશમાં. તેનું છેદુ શીશ. કોટી ઉપાય કરી કરગરે,કરજોડી કહે કહેણ; ઇશ્વરઆણ પાળુ અમો, વનીતા તારૂ વેણ,ભમરચડાવ્યાં ભામની, રામાબોલી રીખ; અરજહોય તરૂણી તણિ,તો છેદ વીક્રમનું શીશ. કે શુળીએ દે સવારમાં કે ચક્ષુ એની બે લાવ; એટલું કામ કરી ઇંહાં અલખત કરતો આવ,એણે કામ કુડું કરયું,લોપી તારીલાજ આજ્ઞા વિણુ એ આવિયો, તું તે શાનો રાય મુરજાદા માની નહી, આપણ તદા એકાંત મણના માંહિ ઘણી નહી,ભુરા તારી ભરતાંમરે પ્રતીજ્ઞા એટલી, ધારણ્રાખી શિર; શુળી દેજે સુન્દરદરે, ત્યારે પીવું નીર. કદાચ કામ કરો નહી,વદને વદોવાણ; વાણ; દીવસ ઉગે દેખો નહિ પ્રેમદા કેરો પ્રાણ.

